L090059102291
Sender Name: જનરલ મેનેજર (સ્ટોર)
Received Date: 11/08/2023

ક્રમાંક: જી.આઈ.ડી.સી/સ્ટોર/ભાડા વાહન/૫૧૪.
જી.આઈ.ડી.સી, વડી કચેરી, સ્ટોર શાખા,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૧૧/૦૮/ ૨૦૨૩.

**વિષય:-** ક્ષેત્રિય કચેરીઓમાં ભાડાના વાહનો બાબત.

**સંદર્ભ:-** (૧) પરિપત્ર ક્રમાક નં. જીઆઇડીસી/ઓએન્ડએમ/એસટીઆર/વ્હીકલ/૪૪/૨૦૦૧, તા.૨૪/૧૨/૨૦૦૧
(૨) પરિપત્ર ક્રમાંક નં જીઆઇડીસી/ઓએન્ડએમ/એસટીઆર/વ્હીકલ/૪૪/૨૬૩, તા.૧૮/૦૩/૨૦૦૯
(૩) પરિપત્ર ક્રમાંક નં. જીઆઇડીસી/સ્ટોર/ભાડા વાહન/૧૮૫, તા.૧૯/૦૨/૨૦૧૩
(૪) પરિપત્ર કમાંક નં. જીઆઇડીસી/સ્ટોર/ભાડા વાહન/૨૦૩,તા.૦૧/૦૪/૨૦૧૬
(૫) પરિપત્ર કમાંક નં. જીઆઇડીસી/સ્ટોર/ભાડા વાહન/૬૬, તા. ૨૯/૦૧/૨૦૧૮

## // પરિપત્ર //

નિગમની ક્ષેત્રિય કચેરીઓમાં ભાડાના વાહનો રાખવા બાબતે છેલ્લે સંદર્ભ-૫ તળેના પરિપત્રથી ક્ષેત્રિય કચેરીઓમાં અલગ અલગ અધિકારીશ્રીઓ જેવા કે, પ્રાદેશિક મેનેજરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી કક્ષાના અધિકારીશ્રીઓ માટે ભાડાના વાહનના દરો રૂ. ૩૫,૦૦૦/- પ્રતિ ૨૫૦૦ કી.મી./પ્રતિ માસ (જી.એસ.ટી સહીત) તથા વધારાના કી.મી. પેટે રૂ. ૮.૦૦ પ્રતિ કી.મી. નક્કી કરવામાં આવેલ જ્યારે વિભાગીય પ્રબંધકશ્રી, અધિક્ષક ઈજનેરશ્રી અને ખાસ ફરજ પરના અધિકારીશ્રીઓ માટે ભાડાના વાહનના દર રૂ. ૪૦,૦૦૦/- પ્રતિ ૨૫૦૦ કી.મી પ્રતિ માસ (જી.એસ.ટી સહીત) તેમજ વધારાના કી.મી. પેટે રૂ. ૧૦.૦૦ પ્રતિ કી.મી. નક્કી કરવામાં આવેલ છે.

ક્ષેત્રિય કચેરીઓની ભાડાના વાહનનાં દરોમાં હાલનાં પેટ્રોલ/ડીઝલના ભાવ વધારો તેમજ ડ્રાઈવરોના વધતા જતા પગારને ધ્યાને લઈ ભાડાના વાહનના દરોમાં વધારો કરવા રજુઆત મળેલ. જે ધ્યાને લઈ ભાડાના વાહનનાં દરોમાં નીચે મુજબ વધારો કરવામાં આવે છે.

(૧) પ્રાદેશિક મેનેજરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી કક્ષાના અધિકારીશ્રીઓ માટે ભાડાના વાહનની મર્યાદા રૂ.૩૫,૦૦૦/- પ્રતિ માસ/પ્રતિ ૨૫૦૦ કિ.મીથી વધારીને રૂ. ૪૦,૮૦૦/- પ્રતિ માસ/ પ્રતિ ૨૫૦૦ કિ.મી (જીએસટી સહિત) તથા વધારાના કિ.મી પેટે રૂ.૮.૦૦ પ્રતિ કિ.મી થી વધારીને રૂ.૧૦.૦૦ પ્રતિ કિ.મી. નક્કી કરવામાં આવે છે.

(પાછળ....)

(૨) વિભાગીય પ્રબંધકશ્રી, અધિક્ષક ઈજનેરશ્રી તથા ખાસ ફરજ પરના અધિકારીશ્રીઓ માટે ભાડાના વાહનની મર્યાદા રૂ.૪૦,૦૦૦/- પ્રતિ માસ, પ્રતિ ૨૫૦૦ કિ.મી.થી વધારીને ૪૫,૮૦૦/- પ્રતિ માસ/પ્રતિ ૩૦૦૦ કિ.મી. (જીએસટી સહિત) તથા વધારાના કિ.મી પેટે રૂ.૧૦.૦૦ પ્રતિ કિ.મી.થી વધારીને રૂ.૧૨.૦૦ પ્રતિ કિ.મી નક્કી કરવામા આવે છે.

નિગમની તમામ ક્ષેત્રિય કચેરીઓએ આ નવા દરનો અમલ સંદર્ભિત પરિપત્ર (૧) માં આપવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ તેમજ નીચે દર્શાવેલ શરતોને આધીન કરવાનો રહેશે.

<u>શરતો :-</u>

- ભાડાના વાહનો લેવા માટેની ટેન્ડર પ્રક્રિયા જી.ઈ.એમ **(GeM)** પોર્ટલ મારફતે કરવાની રહેશે.
- ભાડે રાખવામાં આવતા વાહન ટેન્ડર તારીખથી ૦૨ (બે) વર્ષ કરતાં વધારે જુના હોવા ના જોઈએ એ શરતનો ઉલ્લેખ ટેન્ડરની શરતમાં કરવાનો રહેશે.
- ભાડાના વાહનો લેવા માટેના ટેન્ડરની સમયમર્યાદા વધુમાં વધુ ૦૨ (બે) વર્ષની રાખવી.
- ટેન્ડર મંજુર/ના મંજુર કરવાની સત્તા તથા ઉપરોક્ત મર્યાદાથી ૧૦% સુધીના વધારાના ભાવો મંજુર કરવાની સત્તા સંલગ્ન વિભાગીય પ્રબંધકશ્રી તથા અધિક્ષક ઈજનેરશ્રીની રહેશે.

માન. ઉપા અને વ.સ.શ્રીની
ફાઈલ ઉપરની મંજુરી મુજબ

જનરલ મેનેજર (સ્ટોર)
જી.આઈ.ડી.સી, ગાંધીનગર.

પ્રતિ,

(૧) નિગમના ક્ષેત્રિય કચેરીઓના તમામ અધિકારીશ્રીઓ તરફ

(૨) મેનેજરશ્રી (એસ.& એ.)

જી.આઈ.ડી.સી, ગાંધીનગર. તરફ ઉક્ત પરિપત્ર નિગમની વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.